સમયમર્યાદા
તાત્કાલિક

ક્રમાંક:મઉમશબ/માધ્યમિક/રેગ્યુલર/2021/
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, સચિવાલય પાસે,
ગાંધીનગર.
તા:-02/08/2021

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ, ગુજરાત રાજ્ય.

વિષય:- ધો.10 એસ.એસ.સી. વર્ષ-2021ના નિયમિત ઉમેદવારોના ઓનલાઇન ગુણ અપલોડ કરવામાં થયેલ ભૂલ બાબતની રજૂઆત.
સંદર્ભ-1:- મઉમશબ/માધ્યમિક/મા.પ્ર.-2021/1089 તા:-03/06/2021નો પત્ર.
સંદર્ભ-2:- મઉમશબ/માધ્યમિક/2021/1095 તા:-07/06/2021નો પત્ર.
સંદર્ભ-3:- તા:-17/07/2021ની બોર્ડની કારોબારી સમિતિનો ઠરાવ.

માનનીયશ્રી,

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વર્ષ-2021ના નિયમિત ઉમેદવારોને માસ પ્રમોશનથી પાસ જાહેર કરેલ હતા. બોર્ડ દ્વારા સંદર્ભિત પત્રથી ધો-10ના નિયમિત વિદ્યાર્થીઓનું શાળા કક્ષાએ મૂલ્યાંકન કરવાની સૂચનાઓ આપવામાં આવેલ હતી.

ધો-10નાં નિયમિત ઉમેદવારોનું શાળા કક્ષાએ પરિણામ તૈયાર કરી, પરિણામ સબંધિત તમામ દસ્તાવેજોની ખરાઈ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી દ્વારા કરવામાં આવશે અને આખરી કરેલ પરિણામોના આધારોની પ્રમાણિત નકલ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં રજુ કરવાની જોગવાઈ કરવામાં આવેલ હતી. ધો-10 એસ.એસ.સી.ના નિયમિત ઉમેદવારોના પરિણામ તૈયાર કરવા સબંધિત સમયપત્રક પણ તૈયાર કરી તમામને જાણ કરવામાં આવેલ હતી. શાળાઓ દ્વારા તૈયાર કરેલ પરિણામ બોર્ડની વેબસાઈટ પર અપલોડ કરવા માટે તા:-08/06/2021 થી તા:-17/06/2021 સુધીનો સમય પણ નિર્ધારિત કરવામાં આવેલ હતો. ધો.10ના પરિણામ તૈયાર કરવા માટે શાળાના આચાર્યશ્રીની અધ્યક્ષતામાં માધ્યમિક શાળાના વિષય શિક્ષકોની સમિતિની રચના કરવાની સૂચના આપવામાં આવેલ હતી. શાળા પરિણામ સમિતિએ ધો.10ના નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ તૈયાર કરતી વખતે ઉપયોગમાં લીધેલ તમામ આધારો ઉપર સહી કરીને તારીખ દર્શાવવાની રહેશે અને શાળા પરિણામ સમિતિ આ પરિણામ માટે જવાબદાર ગણાશે તેવી સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવેલ હતી.

માધ્યમિક શાળાઓ દ્વારા તૈયાર થયેલ પરિણામને શાળાઓ દ્વારા જ બોર્ડના પોર્ટલ પર અપલોડ કરેલ જે આધારે બોર્ડ દ્વારા તા:-29/06/2021ના રોજ ઓનલાઇન પરિણામ જાહેર કરવામાં આવેલ હતું.

ધો.10 એસ.એસ.સી.નું પરિણામ જાહેર થયા બાદ કેટલીક શાળાઓ દ્વારા અત્રે એવી રજૂઆત કરવામાં આવેલ કે ઓનલાઇન ગુણ મૂકવામાં શાળા દ્વારા ક્ષતિ થયેલ જણાય છે.

બોર્ડ ખાતે રૂબરૂ થયેલ રજૂઆતોની આપના જિલ્લાની શાળાઓની યાદી આ સાથે સામેલ છે. તા:-03/06/2021ના પરિપત્રની સૂચના મુજબ શાળા સમિતિ દ્વારા પરિણામ તૈયાર કરી તે પરિણામનું એક પત્રક જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરીએ જમા કરાવવાનું રહેશે તેવી સૂચના આપવામાં આવેલ

હતી. બિડેલ યાદીની શાળાઓના સર્વગ્રાહી પરિણામ પત્રકની જિલ્લા કચેરીએ તા:-03/06/2021 થી તા:-17/06/2021 દરમ્યાન (તે સમયે) જમા કરાવેલ નકલ તા:-05/08/2021 સુધી બોર્ડની માધ્યમિક શાખાને મળી જાય તે રીતે વ્યવસ્થા કરવા વિનંતી.

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

ક્રમાંક:મા-૧/પરિપત્ર/૨૦૨૧/11507
જિલ્લા શિક્ષણધિકારીની કચેરી
સુરત, જિ.સુરત.
તા. 3/૦૮/૨૦૨૧

૨/- ઉક્ત તા.૦૨/૦૮/૨૦૨૧ નાં પત્ર અન્વયે આ સાથે સામેલ યાદી મુજબની શાળાઓ પાસેથી મંગાવવામાં આવેલ માહિતી તા.૦૪/૦૮/૨૦૨૧ સુધીમાં અત્રેની કચેરીમાં અચૂક મોકલવાની રહેશે. અન્યથા જે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સંપૂર્ણ જવાબદારી સંબધિત શાળાના આચાર્યશ્રીની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિ.-સુરત

પ્રતિ,
આચાર્યશ્રી, યાદી મુજબની શાળાઓ તરફ,
જિલ્લો-સુરત.

| રજૂઆત કરેલ આપના જિલ્લાના ઇન્ડેક્ષ નંબર પ્રમાણે ગુણમાં ક્ષતિ થયેલ વિદ્યાર્થીની યાદી | | | | |
|---|---|---|---|---|
| કેસ નં. | જિલ્લો | શાળાનો ઇન્ડેક્ષ નંબર | રજૂઆતમાં ક્ષતિ થયેલ વિદ્યાર્થીની સંખ્યા | ક્ષતિ થયેલ વિષયોની સંખ્યા |
| 20 | સુરત | 68.829 | 1 | 1 |
| 33 | સુરત | 68.282 | 1 | 1 |
| 35 | સુરત | 68.356 | 1 | 1 |
| 47 | સુરત | 68.413 | 1 | 1 |
| 53 | સુરત | 68.316 | 1 | 1 |
| 103 | સુરત | 68.558 | 1 | 1 |
| 108 | સુરત | 68.856 | 1 | 1 |
| 112 | સુરત | 68.336 | 9 | 18 |
| 113 | સુરત | 68.043 | 1 | 1 |
| 132 | સુરત | 68.596 | 12 | 12 |
| 140 | સુરત | 68.289 | 1 | 6 |
| 141 | સુરત | 68.289 | 1 | 6 |
| 142 | સુરત | 68.815 | 11 | 66 |
| 161 | સુરત | 68.340 | 1 | 1 |
| 163 | સુરત | 68.087 | 1 | 5 |
| 171 | સુરત | 68.102 | 1 | 1 |
| 187 | સુરત | 68.204 | 55 | 110 |
| 189 | સુરત | 68.192 | 1 | 1 |
| 192 | સુરત | 68.011 | 1 | 1 |
| 206 | સુરત | 68.340 | 1 | 1 |
| 208 | સુરત | 68.298 | 28 | 28 |
| 211 | સુરત | 68.278 | 8 | 48 |